શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૯ • અંક-૪ • એપ્રિલ- ૨૦૧૭
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

સત્સંગ, સદ્વિદ્યા અને સેવાનું ત્રિવેણી તીર્થ
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - દ્રોણેશ્વર

નયનરમ્ય કુદરતી વાતાવરણ, ઋષિતોયા (મચ્છુન્દ્રી નદી)નો કિનારો, ભવ્ય-દિવ્ય ભવનો
તથા વિશાળ રમત-ગમતના મેદાનોથી શોભતું

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વરનું કેમ્પસ

ભગવાનને પત્ર

આચાર્યશ્રી અને શિક્ષકોની પ્રેરણાથી દ્રોણેશ્વર ગુરુકુલના દરેક વિદ્યાર્થીએ ભગવાનને ઉદ્દેશીને પત્ર લખ્યો. એ પત્રોમાં બાળકોએ પોતાની વ્યથા, આનંદ, ભાવ, સુખ-દુઃખ તો ક્યાંક ફરિયાદ પણ કરી છે. એ પત્રોમાંથી ત્રણ પત્રો અત્રે રજુ કર્યા છે.

હે સ્વામિનારાયણ ભગવાન ! સાદર પ્રણામ.

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન, સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ એવા મહારાજ આપનો હું ખુબ ખુબ આભાર માનુ છું. કેમ કે તમે મને સત્સંગી કુટુંબમાં જન્મ આપ્યો છે. મને સત્સંગ શું છે તેની ઓળખાણ પાડી છે. અને એથી અમારા પરિવારમાં સૌ સુખી છીએ. હું ભગવાન તમને પ્રાર્થના કરું છું કે પેલા મારા પ્યારા ભારત દેશનું કલ્યાણ કરજો, પછી અમારા ગામનું અને અમારા ઘરનું કલ્યાણ કરજો. હું ચાહું છુ કે ભગવાન મારી સાથે ને સાથે રહે અને મને આગળ વધવા માટે શક્તિ દે એવી મારી પ્રાર્થના છે.

હે ભગવાન સ્વામિનારાયણ ! મેં મારા ઘરમાં એવું સાંભળ્યું છે કે તમે ખુબ દયાળુ છો. તો મારે તમને એક વાત કહેવી છે. અમારા ઘરે બધાં સત્સંગી છે, પરંતુ મારા પપ્પા વ્યસન વિના રહી શકતા નથી. અમે નિયમિત રવિવારની સભા ભરીએ છીએ, પરંતુ મારા પપ્પા કેમ વ્યસન મુકવાનું નામ નથી લેતા ?

ભગવાન મારે તમારી સાથે વાત કરવી છે. તમે મારી સાથે વાત કરવા માટે કેમ નથી આવતા ? પ્લીઝ ! એક વખત મારે તમને જોવા છે. મારે તમારી સાથે ઘણી બધી વાતો કરવી છે. હે મહારાજ !!!

લી. આપની વહાલી દીકરી કાનાણી ખુશી (ધોરણઃ ૮એ)

શ્રી સ્વામિનારાયણ ભગવાન, મુ.અક્ષરધામ

હે ભગવાન ! તમે આ દુનિયાનું સર્જન કર્યું છે, તમે શિક્ષાપત્રી અને વચનામૃત જેવા ગ્રંથો પણ આપ્યા. પણ હવે લોકો તમારા કહેલા માર્ગ પર નથી ચાલતા. લોકો સત્ય, અહિંસા અને સદાચારનો માર્ગ છોડીને હિંસા અને અધર્મના માર્ગે ચડી ગયા છે. હવે આ દુનિયાનો પાપનો ઘડો ભરાવા આવ્યો છે. ઘણી જગ્યાએ આતંકવાદીઓ હુમલો કરી રહ્યા છે, લોકો વચ્ચે ઝઘડા થાય છે, મારામારી થાય છે. આ દુનિયામાંથી સંપ ક્યાંક ચાલ્યો ગયો છે. કોઈ માણસ પોતાના પાડોશીનું પણ સારું જોઈ શકતો નથી. માટે હે ભગવાન ! હવે તુ આ દુનિયામાં જન્મ લે, લોકોને સુધાર, સંપથી રહેવાનું શીખવાડ અને આ કળીયુગને સતયુગમાં ફેરવી દે... એ જ મારા અંતરની પ્રાર્થના સાથે જય શ્રી સ્વામિનારાયણ....

લી. પોકિયા રાજ (ફાટસર) ધોરણ-૭ એ

પરમ પૂજ્ય પ્રભુ (ભગવાન) સાદર પ્રણામ.

હું તો સાવ નાની અને પામર છુ. હું તો તમારી સામે નાનકડી કીડી સમાન છું. હું બીજુ કઈ નથી માગતી. માંગુ તો તમારો સાથ. તમે મારા જીવનમાં અંજવાળું પાથરજો અને મારી મનોકામના પૂરી કરજો.

હું આઈ.પી.એસ બનવા માગુ છું. તમે મને હિંમત આપજો. જેથી કરીને મારા ઘર, પરિવાર અને દેશનું નામ રોશન કરુ અને દેશમાંથી ભ્રષ્ટાચાર નાબુદ કરુ એવી મને શક્તિ આપો. મારુ આ કિંમતી જીવન જન સેવામાં કામ લાગે એવું હું માગુ છું. બાકી તો તમે આ પૃથ્વી પર જન્મ આપ્યો એ મારા માટે સ્વર્ગનુ સુખ જેવું છે. કે મને કેટલાય જન્મનું ફળ મળ્યું. હું આ પૃથ્વી પર આવી શકી અને મારામાં જે અધુરાપન છે એ હું પૂર્ણ કરી શકીશ.

લી. આપની આજ્ઞાંકિત બાળા
ગુજ્જર અંજલી ટી. ધોરણ :- ૮એ.

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૯, એપ્રિલ : ૨૦૧૩, અંક : ૪

પ્રકાશક તથા માલિક : પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફિક્સ, વૃષભ આર્ટ
તસ્વીર : જી. વિઝન
મુદ્રક : સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

You Tube SwaminarayanGurukul
GurukulParivar

સત્સંગ, સદ્વિદ્યા અને સેવાનું ત્રિવેણી તીર્થ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - દ્રોણેશ્વર

સત્સંગ રંગ અમ અંગ ભરો અભંગ

માનવ જીવન હંમેશા વિકાસ પામતું રહે છે. માનવ બુદ્ધિના ચમત્કારે વિજ્ઞાન-ટેકનોલોજીના આવિષ્કારે માનવીને વધારે ને વધારે દોડતો કરી મૂક્યો છે. એક ઇચ્છા પૂરી થાય ન થાય ત્યાં તો અનેક ઇચ્છાઓ-મહેચ્છાઓ અને મહત્ત્વકાંક્ષાઓ જાગી જાય છે; ક્યારેક માનવ શરીર થાકી જાય છે. ક્યારેક માનવબુદ્ધિ પણ પોતાને જ દગો દે છે. ત્યારે માનવનો અંતરાત્મા અકળાય છે અને જીવાત્મા પોકારી ઉઠે છે, "હે ભગવાન! હવે આમાંથી ઉગારો !!!"

બસ! આવી એક પોકાર માણસને સત્સંગ અભિમુખ કરવા માટે પૂરતી છે.

ધર્મ જગતમાં અને આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સત્સંગ શબ્દ ખૂબ જ પ્રચલિત છે. કથાશ્રવણ, દેવ-દર્શન, સંતમિલન, સ્નાન-ધ્યાન, દાન-પુણ્ય, પરોપકાર વગેરે સત્સંગ શબ્દમાં સામાન્ય રીતે સમજાય છે. ખરા અર્થમાં સત્સંગ એટલે 'સત્નો સંગ' એવું ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સરળ રીતે સમજાવતા.

સત્ એટલે શું?

સત્ એટલે ભગવાન...

સત્ એટલે શાસ્ત્ર...

સત્ એટલે સાધુ...

સત્ એટલે આત્મા (પોતે)...

આમ સત્ એવા ભગવાન, સત્ એવા શાસ્ત્ર, સત્ એવા સાધુ અને સત્ એવો આત્મા, તેનો સંગ કરવો એનું નામ સત્સંગ કર્યો કહેવાય. ભગવાન શ્રી સ્વામિનારાયણનું અવતારીકાર્ય એટલે એકાંતિક ધર્મની સ્થાપના. આ એકાંતિક ધર્મની સ્થાપના સત્સંગ દ્વારા જ સંભવે છે. તેથી શ્રીજી મહારાજ અને શ્રીજી સમકાલીન પરમહંસોથી શરૂ કરીને આજ દિવસ સુધી સંતો-હરિભક્તોમાં સત્સંગ કરવાનું, સત્સંગમાં જવાનું, સત્સંગ સમજવાનું, આ સત્સંગ અભિયાન ચાલતુ રહ્યું છે.

જીવાત્માના જન્મ-મરણના રોગને ટાળવાનું ઉત્તમ ઔષધ છે આ સત્સંગ. તેથી સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં ગાયું છે -

'સત્સંગ વિના, સત્સંગ વિના
જન્મ મરણ ભ્રમજાળ મટે નહીં જંતને.'

સંતોની ચરણરજમાં તીર્થનું નિર્માણ

આપણા સંપ્રદાયના ઇતિહાસમાં સંતોએ નાના-મોટા ગામડાઓ અને નગરોમાં વિચરણ કરીને આ સત્સંગને સદાય નવપલ્લવિત રાખ્યો છે. તેમાં જૂનાગઢ પ્રદેશના નાઘેરનો સત્સંગ એટલે શૂરવીરતા, સેવા અને સમર્પણની ભાવનાથી ભરેલો ઉત્સાહી સત્સંગ કહીએ તો જરાપણ અતિશયોક્તિ નથી.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - રાજકોટ, જૂનાગઢ અને અમદાવાદના સંસ્થાપક ગુરુદેવ પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી પ્રત્યે આ નાઘેર પ્રદેશના ભક્તજનોએ સદાય મહિમાવંત ભક્તિભાવ અને પક્ષ રાખ્યો છે. ગુરુકુલના ૭૦ વર્ષના ઇતિહાસના પાના ખોલીએ છીએ ત્યારે આ સેવાભાવી સમર્પિત ભક્તજનોની ગાથાઓ સૌને ઉત્સાહિત કરી દે એવી પ્રેરક ગાથાઓ લખાયેલી છે.

'સદ્‌વિદ્યા' સામિયિકના અંકોમાં છુપાયેલી આ ગાથાઓ વાંચતા સત્સંગનો મર્મ સમજાય છે.

ગુરુકુલ અને ગુરુકુલના સંતો આ સત્સંગના સેતુ બન્યા છે. ફાટસર, ઇંટવાયા, દ્રોણ, ખીલાવડ જેવા ગામડાઓના હરિભક્તોએ પોતાનું સર્વસ્વ સમર્પણ કરીને આ સત્સંગનું જતન-પોષણ કરેલ છે.

ઈ.સ. ૧૯૫૬ - વિક્રમ સંવત્ - ૨૦૧૨ ના શ્રાવણ મહિનામાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી ફાટસર ગામમાં ૧૫ દિવસની સત્સંગકથા પારાયણનનું આયોજન આ ગામના હરિભક્તોના આગ્રહથી કરવામાં આવેલ. પરમ પૂજ્ય પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી અને પરમ પૂજ્ય પુરાણી શ્રી ભગવત્જીવનદાસજી સ્વામીએ સત્સંગિજીવનની કથા સવારે, બપોરે અને રાત્રે એમ ત્રણ સમયમાં શ્રવણ કરાવીને હરિભક્તોમાં તેમજ અન્ય ભાવિકજનોમાં ભારે ભાવના જગાડી હતી. નિષ્કામભાવે, નિખાલસતાથી થયેલી કથાવાર્તાથી જૂના હરિભક્તો, નવા હરિભક્તો તેમજ ઇંટવાયા, ખીલાવડ, દ્રોણ, ગીર ગઢડા, ઉના, સનવાવ, જરગલી વગેરે ગામોના શ્રદ્ધાળુ લોકોએ ખૂબજ ઉત્સાહથી લાભ લીધો હતો. જૈન સમુદાયના શ્રાવકોએ પણ આ કથાવાર્તાનો લાભ લીધો અને ઠાકોરજીના થાળ તેમજ સંતોને રસોઇ આપી હતી.

આવા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કથાની શરૂઆત શ્રાવણ સુદ-૧૫ થી કરવામાં આવી હતી અને શ્રાવણ વદ-૧૪ ના રોજ પૂર્ણાહુતિ થયા સુધીના ૧૫ દિવસોમાં આખુ ગામ ગોકુળીયા જેવું બની ગયું હતું. મોસમના કામોમાંથી પરવારીને શ્રમજીવી લોકો અત્યંત શ્રદ્ધા અને પ્રેમથી કથા-વાર્તા, ધૂન, પ્રવચનમાં એકરૂપ બનીને ખૂબ લાભ લેતા હતા. ગામના આગેવાન પટેલ શ્રી પુરુષોત્તમભાઇ (બચુભાઇ), પરમ ભક્તરાજ શ્રી મનુભાઇ અને સર્વ સત્સંગીઓ રાત દિવસ ખડે પગે સાધુ-સંતોની અને હરિભક્તોની પરિચર્યા-સેવામાં પોતાના તન, મન અને ધનથી પરોવાઇ રહેતા હતા. તેમાં ઇંટવાયાથી દરરોજ નિયમિત ભાગ લેવા આવતા પરમ ભક્તરાજ શ્રી પટેલ ગગજીભાઇ તથા તેમના સુપુત્રો વલ્લભભાઇ, રામજીભાઇ અને ભૂરાભાઇ વગેરે હરિભક્તોનો સાથ અને સહકાર અપૂર્વ હતો. એ જ રીતે કથાકરા પુરાણી શ્રી ભગવત્જીવનદાસજી તથા જોગી સ્વામી, સાધુ નિરન્નમુક્તદાસજી, સાધુ ઈશ્વરદાસજી અને પાળા નાગજીભક્ત જે પ્રથમથી આવેલા તેમણે સત્સંગ અને સેવાનો સરસ રંગ લગાડી દીધો હતો. પુરાણી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, સાધુ હરિપ્રસાદદાસજી તથા ગવૈયા સ્વામી ગોવિંદપ્રકાશદાસજી વગેરેએ આવીને કથા-પ્રવચન સાથે સંગીતમય ધૂનની સરસ જમાવટ કરી દીધી હતી.

પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજીના લોકભોગ્ય પ્રવચનોની સમાજ ઉપર સારી અસર થતી હતી તેમજ જોગી સ્વામીના ભગવદ્‌મય તપસ્વી જીવનથી પણ સત્સંગ સમાજમાં અહોભાવ પ્રગટી રહ્યો હતો. કથાના છેલ્લા દિવસોમાં હરિભક્તોના અતિઆગ્રહથી પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી સંતો અને પરમ ભક્તરાજ શ્રી ત્રિભુવનભાઇ વ્યાસ સાથે ફાટસર પધાર્યા, ત્યારે આખુ ગામ આનંદ-ઉત્સાહથી ભાવવિભોર બન્યુ હતું.

આ કથા-પ્રસંગમાં પધારેલા સર્વે સંતો-હરિભક્તોના ભોજન વગેરેના પ્રબંધ માટે સ્થાનિક હરિભક્તોએ સારી એવી રકમ એકઠી કરી હતી; પરંતુ બહેનો હરિભક્તો તરફથી આવતા સીધા-સામનમાંથી જ રોજેરોજના થાળ અને ભોજન વ્યવસ્થા થઇ જતા હતા, તેથી હરિભક્તોએ રસોઇ માટે એકઠી કરેલી સેવાની રકમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજને ગુરુકુલના સદ્‌વિદ્યા પ્રવર્તનમાં અર્પણ કરી; પરંતુ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે આ રકમમાંથી ગામ સમસ્તને (ધુમાડાબંધ) જમાડવાનો શુભ સંકલ્પ જાહેર કર્યો અને પૂર્ણાહુતિના દિવસે ગામના તમામ લોકોને ઠાકોરજીના થાળના

મહાપ્રસાદનો લાભ આપ્યો. હરિભક્તોનું સમર્પણ અને સંતોની ત્યાગમય સેવાથી સમગ્ર નાઘેર પ્રદેશમાં સત્સંગનો અનેરો જુવાળ પ્રગટ થઈ રહ્યો.

આ જ્ઞાનયજ્ઞના અંતે પૂજ્યપાદ શાસ્ત્રીજી મહારાજ, સંતો-હરિભક્તો સાથે સૌ અવભૃથ સ્નાન માટે દ્રોણેશ્વર મહાદેવના પુનિત સ્થળે પાણીથી ભરપૂર વહેતી મચ્છુંદ્રી નદીએ પધાર્યા હતા. દ્રોણેશ્વર મહાદેવના સાનિધ્યમાં નદી વચ્ચે ઠાકોરજીને વિધિપૂર્વક અભિષેક કરાવીને જનમંગલના પાઠથી અને ધૂન-જપના ઉચ્ચારોથી એ રમણીય તીર્થક્ષેત્રને ગજાવી મૂક્યુ હતું. ઉપરાંત અમાસનો પવિત્ર દિવસ હોવાથી આ તીર્થક્ષેત્રમાં અન્ય યાત્રાળુઓ પણ સ્નાન-પૂજન માટે આવેલા હતા તેથી પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે દ્રોણેશ્વરમાં નદીના તટ ઉપર મોટી સભા કરી અને આ તીર્થક્ષેત્ર અને કથાવાર્તા વગેરે મનુષ્ય જીવનને શું શું લાભ છે ? તે સંબંધી પ્રવચન કરીને સમજણ આપી હતી.

જય દ્રોણિયા મહાદેવ

પ્રાચીન પ્રભાસક્ષેત્રમાં આવેલા, પૌરાણીક મહાત્મ્ય ધરાવતા દ્રોણેશ્વરના આ તીર્થમાં સ્વયં દ્રોણાચાર્ય દ્વારા પ્રસ્થાપિત શ્રી દ્રોણેશ્વર મહાદેવ પાંડવો દ્વારા પૂજાયેલા છે.

આ પુરાણપ્રસિદ્ધ તીર્થમાં નિર્માણ પામેલ દ્રોણેશ્વર ગુરુકુલના ઐતિહાસિક પાયામાં આ સત્સંગની સ્નેહસભર સમર્પણની વાતો પુરાયેલી છે. નાઘેર પ્રદેશના હરિભક્તોના સમર્પણ-સેવાનું તપ અને સંતોનું ભજન-ભક્તિનું જ્ઞાનમય તપ જ્યારે પ્રગટ થયું ત્યારે દ્રોણેશ્વર જેવા પવિત્ર તીર્થક્ષેત્રમાં મહાદેવજીના અંશ શ્રીરામદૂત હનુમાનજી મહારાજ સૌ પ્રથમ બિરાજ્યા અને સદ્‌વિદ્યા પ્રવર્તન મહાયજ્ઞ શરૂ થયો.

સેવાયજ્ઞના મંડાણ

દ્રોણેશ્વર મહાદેવ પ્રાચીન તીર્થ તો છે જ; પરંતુ જ્યાં સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણના આરાધક પરમહંસોના પગલા પડે ત્યાં તીર્થત્વ વિશેષ પ્રગટી રહે છે. આ ભૂમિના આજુબાજુના ગ્રામ્ય પ્રદેશોમાં હરિભક્તોના આગ્રહથી સંતોનું વિચરણ શ્રીજીમહારાજનાં સમયથી શરૂ થયું અને ગુણાતીતાનંદ સ્વામીની પરંપરાના પરમહંસોએ આ ભૂમિમાં સત્સંગનું ભારે ખેડાણ કરેલું છે.

સદ્‌ગુરુ બાલમુકુંદદાસજી સ્વામી સહિત નારાયણદાસજી સ્વામી, ધર્મસ્વરૂપદાસજી સ્વામી, ગોપીનાથદાસજી પુરાણી સ્વામી વગેરે સંતોની ચરણરજથી પાવન થયેલી આ ભૂમિમાં ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીના શિષ્ય પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રીશ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણા, આશીર્વાદ અને માર્ગદર્શનથી આ દ્રોણેશ્વરની પવિત્ર તીર્થભૂમિ પર ખૂબ જ ઝડપથી સદ્‌વિદ્યા-સંસ્કાર, સેવાયજ્ઞનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

જ્યારે વડવાઓના તપ ફળે છે ત્યારે તેનો લાભ તેના સંતાનોને મળે છે, પરંતુ જે સંતાનો પોતાના વડીલોને, માતા-પિતાને, ગુરુઓને કે તેમના તપથી ભરેલા ઈતિહાસને ભૂલી જાય છે, તેવા સંતાનો કે શિષ્યો દેહાભિમાની અને કૃતજ્ઞતાને વિસારીને ભૌતિકવાદી બની જાય છે.

આજનો જમાનો ભૌતિકતા તરફ જ દોડી રહ્યો છે ત્યારે સત્સંગ, સદ્‌વિદ્યા અને સેવાભાવનાના ત્રિવેણી તીર્થ સમા દ્રોણેશ્વર ગુરુકુલમાં ભાવિ પેઢીના સંસ્કારયુક્ત જીવન ઘડતર માટેનો મહાયજ્ઞ શરૂ થઈ ગયો છે.

સંતોનો સંકલ્પ

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની વિશાળ હૃદયભાવના અને વૈશ્વિક ચિંતનના સથવારે આ પવિત્ર તીર્થમાં દીકરીઓના ભણતર સાથે જીવનઘડતરનો મહાન સંકલ્પ સ્વામિનારાયણ સંપ્રદાયના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થશે.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી સ્વામીના સતત નિરીક્ષણ, માર્ગદર્શન અને સૌને સાથે રાખીને સેવાયજ્ઞમાં જોડવાની ભાવના આ ગુરુકુલ સંસ્થા માટે મહાન આશીર્વાદરૂપ બની રહેશે.

પૂજ્યપાદ પુરાણી સ્વામી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના યજ્ઞ-અનુષ્ઠાનમય જીવનથી આ ક્ષેત્ર સદાય પવિત્ર-આધ્યાત્મિક વાતાવરણથી નવપલ્લવિત બની ગયું છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - દ્રોણેશ્વરના ભૂમિ સંપાદનથી પ્રારંભ કરીને આજ દિવસ સુધીની વિકાસયાત્રામાં પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી બાલકૃષ્ણદાસજીની સતત કાળજી અને નિષ્ઠાપૂર્ણ સેવાઓને લીધે આજે મચ્છુન્દ્રી મૈયાના કિનારા પર જાણે ગંગાજીના કિનારાનું તીર્થ આશ્રમમય વાતાવરણ સર્જાયું છે. તેમાં પણ ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ ભજનિક, તપસ્વી અને સતત કર્મયોગી સંત પૂજ્ય ભંડારી સ્વામી હરિકૃષ્ણદાસજીની આ સંસ્થાના સંચાલક તરીકે નિયુક્તિ કરી ત્યારે સર્વ સંતો-હરિભક્તોના અંતરમાં પણ સત્સંગ, સદ્‌વિદ્યા અને સેવામય જીવનનો ઉજાસ પથરાયો છે.

જાગતું તીર્થ દ્રોણેશ્વર ગુરુકુલ



આ સંસ્થા **SGVP** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ - છારોડી, અમદાવાદની શાખા તરીકે આ નાઘેર પ્રદેશમાં સેવા પ્રવૃત્ત થઈ ચૂકી છે. મારુતિધામ, સંત આશ્રમ, કન્યા વિદ્યાલય, કુમાર વિદ્યાલય, ગૌશાળા, અતિથિને મીઠો આવકાર, સર્વજનહિતાય-સર્વજન સુખાય વિવિધ સેવા પ્રવૃત્તિઓથી ધબકતા આ ગુરુકુલ તીર્થનો પ્રારંભ જ કંઈક એવા યોગમાં થયો છે કે અહીં આવનાર દર્શનાર્થી, યાત્રાળુ કે મુલાકાતીના હૃદયમાંથી અધ્યાત્મના ઉદ્‌ગારો પ્રગટી જાય છે કે, "હવે ખરા અર્થમાં દ્રોણેશ્વર ધામ ત્રિવેણી તીર્થ બની ગયું છે. જ્યાં જવાથી શાંતિનો અનુભવ થાય છે, સંસ્કારની સુગંધ માણવા મળે છે એ સંતોના સંગાથે સત્સંગનો રંગ ચડી જાય છે."

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર કન્યા તથા કુમાર વિદ્યાલયને જ્યારે એક વર્ષ પસાર થઈ ચૂક્યું છે, ત્યારે વર્ષ દરમિયાન થતી વિવિધ પ્રવૃત્તિઓની આછી ઝાંખી સહુ પરિવારજનોને થાય તેવા હેતુથી પ્રસ્તુત ગુરુકુલ દર્શનનો આ અંક 'દ્રોણેશ્વર ગુરુકુલ વિશેષાંક' તરીકે પ્રગટ કરતા અનંદ અનુભવાય છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર

સત્સંગ-સેવા અને સદ્‌વિદ્યાનો સુભગ સમન્વય

સત્સંગ

સદ્‌વિદ્યા સાથે અભયદાન એ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનું અનોખું સેવાકાર્ય છે. માટે જ પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા અન્ય સંતો આબાલવૃદ્ધ સહુનું સત્સંગ દ્વારા પોષણ કરતા રહે છે. ગુરુકુલમાં યોજાતી નિત્ય સાયંસભા ઉપરાંત દર મહિનાના ત્રીજા રવિવારે ગુરુકુલમાં માસિક સભાનું આયોજન કરવામાં આવે છે. ઉપરાંત આસપાસના વિસ્તારમાં આવેલા સીત્તેર-એંશી ગામોમાં અવારનવાર સંતો પધારે છે અને કથાવાર્તાનો લાભ આપે છે.

માકૃતિધામ

સારંગપુરધામની પ્રતિકૃતિ સમા માકૃતિધામમાં બિરાજનામ કષ્ટભંજન દેવનું ભવ્ય અને દિવ્ય સ્વરૂપ ભક્તજનોને દર્શનનું ખૂબ જ સુખ આપે છે. અહીં દર શનિવારે યોજાતી સત્સંગ સભા તથા આરતીના દર્શન કરવા દૂર દૂરથી ભક્તજનો પધારે છે અને એમની મનવાંછિત શુભકામનાઓ પૂર્ણ થાય છે.

સંતોનો સતત સહવાસ

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે ગુરુવર્ય પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની આજ્ઞા અને માર્ગદર્શન અનુસાર પૂજ્ય ભંડારી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય ધર્મપ્રસાદદાસજી સ્વામી, પૂજ્ય નરનારાયણદાસજી સ્વામી, પૂજ્ય હરિદર્શનદાસજી સ્વામી, પૂજ્ય લલીત ભગત સેવામાં જોડાયા છે અને બાળકોમાં સંસ્કાર સિચંન તથા ભક્તજનોને સત્સંગનો લાભ આપી રહ્યા છે.

સેવા

'સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્' ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આપેલ આ સંદેશને અનુસરતા ગુરુકુલ દ્વારા અનેક સેવાકાર્યો થતા રહે છે.

- અહીં અસલ ગીર ગાયોની ઉત્તમ સરભરા થાય છે.
- વર્ષમાં બે વાર સંતો દ્વારા નાઘેર તથા અમરેલી વિસ્તારના ૧૦૦ ઉપરાંત ગામોમાં સત્સંગ વિચરણની સાથે સાથે ગામની શાળાના વિદ્યાર્થીઓ તથા ભક્તજનોને સાથે રાખી સફાઇ અભિયાન થાય છે અને ગામ સ્વચ્છ રહે તેવી પ્રેરણા અપાય છે.
- પર્યાવરણના રક્ષણ માટે જાગૃતિ આવે તે માટે વૃક્ષારોપણ જેવા વિવિધ આયોજનો થતા રહે છે. આરોગ્યની જાળવણી માટે અવારનવાર વિવિધ રોગોના કેમ્પનું આયોજન કરવામાં આવે છે અને ઓપરેશન સુધીની તમામ સારવાર નિશુલ્ક પૂરી પાડવામાં આવે છે.
- ગુરુકુલમાં યોજાતી માસિક સભાઓ, નાના-મોટા મહોત્સવો તથા નૂતન ભવનોના નિર્માણાદિક કાર્યોમાં નાના નાના બાળકો, યુવાનો તથા વડીલ ભાઈ-બહેનો તન-મન-ધનથી સેવાઓ કરી ગુરુકુલના કાર્યને વેગવંતુ બનાવે છે અને ધન્યતા અનુભવે છે.
- પૂજ્ય સ્વામીજી તથા બાલકૃષ્ણસ્વામીની પ્રેરણાથી આસપાસના ગામડાની સ્કુલોમાં વોટર કુલર, વિકલાંગોને ટ્રાઇસીકલ તથા વિધવા બહેનોને સીવણ મશીન, નવજાત બાળકના પોષણ માટે માતાઓને ત્રણ મહિના સુધી સુખડીનું વિતરણ વગેરે સેવાઓ કરવામાં આવે છે.

सद्‌विद्या

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર
માતુશ્રી આર.ડી. વરસાણી કન્યા તથા કુમાર વિદ્યાલય

જ્યાં આપની તમામ શૈક્ષણિક અપેક્ષા પૂર્ણ થઇ શકે તેવી અનોખી શાળા

ભવ્ય સ્કુલ બિલ્ડીંગ,
વિશાળ કોમ્પ્યુટર લેબ,
મ્યુઝીક રૂમ,
લાઇબ્રેરી,
સ્માર્ટ કલાસ,
ડ્રોઇંગરૂમ,
વિશાળ સ્પોર્ટસ્ ગ્રાઉન્ડ,
કાફ્ટરૂમ,
કોન્ફરન્સ હોલ,
ઇન્ડોરગેમ્સ,
કલ્ચરલ એક્ટીવીટી,
ટ્રાન્સપોર્ટેશન,

વિદ્યાલયની પ્રથમ વર્ષ ૨૦૧૬-૧૭ ની ગરિમાપૂર્ણ શિક્ષણયાત્રા

વિદ્યાલય ઉદ્‌ઘાટન

તારીખ ૨૨ એપ્રિલ ૨૦૧૬ ના રોજ પૂજ્ય સ્વામીજી, સદ્‌ગુરુ સંતો, કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, મુખ્ય દાતા શ્રી આર.ડી.વરસાણી, પ.ભ. શ્રી કાંતિભાઈ ઠક્કર તથા અન્ય દાતાશ્રીઓ તેમજ મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યાલયના વિશાળ ભવનનું ઉદ્‌ઘાટન થયું.

શાળા પ્રવેશોત્સવ

તારીખ ૯ જુન ૨૦૧૬, પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓએ વિદ્યાલયમાં પ્રથમ પ્રવેશ કર્યો.



યોગ દિવસ

૨૧ જૂન ૨૦૧૬, સંતોના સાનિધ્યમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરતા વિદ્યાર્થીઓ.

રથયાત્રા

તારીખ ૬ જુલાઈ ૨૦૧૬, અષાઢી બીજ - રથયાત્રાના પાવન પ્રસંગે પૂજ્ય સંતોના સાનિધ્યમાં રથયાત્રાની ભવ્ય ઉજવણી.

ગુરુપૂર્ણિમા

તારીખ ૧૯ જુલાઈ ૨૦૧૬, પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં ભારતીય સંસ્કૃતિના અનોખા પર્વ ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી. આ દિવસે ગુરુપૂજનની સાથે વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ગીત-સંગીત સ્પર્ધાનું સુંદર આયોજન થયું હતું.



રંગોળી સ્પર્ધા

તારીખ ૧૪ જુલાઈ ૨૦૧૬, રંગોળી સ્પર્ધા દરમિયાન જાણે જીવનના વિવિધ રંગોને સાકારરૂપ આપતા હોય એમ બાળકોએ સુંદર રંગોના સંમિશ્રણ સાથે કલાત્મક રંગોળી દર્શન કરાવ્યા.



સ્વાતંત્ર્યપર્વ

તારીખ ૧૫ ઓગષ્ટ ૨૦૧૬, સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમથી ઉજવણી દરમિયાન દીકરાઓ દ્વારા પરેડ તથા દીકરીઓના કલાત્મક લેજીમ દાવનું નિદર્શન.

વન મહોત્સવ

પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે તેવા હેતુથી વિદ્યાલય દ્વારા સંતોના સાનિધ્યમાં વન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું અને વૃક્ષોનું વાવેતર તથા ઉછેરના સંકલ્પો લેવાયા હતા.

રક્ષા બંધન તથા નાળીયેરી પૂર્ણિમા

તારીખ ૧૮ ઓગષ્ટ ૨૦૧૬, સંસ્કારની સાથે મૂલ્યનિષ્ઠ શિક્ષણ મળે તેવા હેતુથી રક્ષાબંધન પર્વ નિમિત્તે ગુમ પ્રયાગ ખાતે આવેલ વૃદ્ધાશ્રમની મુલાકાત લઈને દીકરીઓએ વૃદ્ધોને કુમકુમ તિલક તથા મોં મીઠા કરાવીને રક્ષાસૂત્ર બાંધ્યા હતા. તથા વિદ્યાલયની દીકરીઓએ દીકરાઓને રક્ષાસૂત્ર બાંધી ભાઈ-બહેનનો નિર્વ્યાજ પ્રેમ પ્રગટ કર્યો હતો.

શિક્ષણદિન

તારીખ ૫ સપ્ટેમ્બર ૨૦૧૬, બાળકો દ્વારા સ્વયં શિક્ષક દિનની ઉજવણી.

જલઝીલણી મહોત્સવ

તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૬, જળઝીલણી એકાદશીના રોજ દિવસે મચ્છુન્દ્રી નદીના પાવન તટ પર પૂજ્ય સંતોના સાનિધ્યમાં રસેશ્વર એવા ભગવાનને રાસ વડે રાજી કરેતા બાળ કલાકારો તથા મહોત્સવમાં ઉપસ્થિત હજારો ભક્તજનો.

સ્વચ્છતા અભિયાન

તારીખ ૨ ઓક્ટોબર ૨૦૧૬, ગાંધી જયંતી : 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત'ને અનુલક્ષીને પૂજ્ય સ્વામીજીની પ્રેરણાથી સંતો તથા શાળાના બાળકો દ્વારા વીસ ગામોમાં સ્વચ્છતા અભિયાન થયું.

નવરાત્રી

તારીખ ૯ ઓક્ટોબર ૨૦૧૬, આસો સુદ અષ્ટમીને દિવસે દીકરા-દીકરીઓએ પરંપરાગત વસ્ત્રો પરિધાન કરીને મા ભગવતીની આરાધના સાથે રાસોત્સવની મજા માણી હતી. આ પ્રસંગે યોજાયેલ સ્પર્ધામાં વિદ્યાર્થીઓને બેસ્ટ એક્શન અને વેશભૂષાના ઈનામથી નવાજવામાં આવ્યા હતા.

શરદોત્સવ

તારીખ ૧૬ ઓક્ટોબર ૨૦૧૬, શરદપૂર્ણિમાની રાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં વિદ્યાર્થીઓ દ્વારા રાસની રમઝટ.

અમને પ્રવાસ કેરો આનંદ ઘણેરો, હોય દિલમાં ઉલ્લાસ અનેરો,
આવી અનોખી પળ જો મળે અમને, પ્રકૃતિ સંગ ઝુમવું ગમે.

તારીખ ૨ થી ૫ જાન્યુઆરી ૨૦૧૭, અમદાવાદ-ગાંધીનગર ખાતે બાળકોએ ત્રિ-દિવસીય પ્રવાસનો આનંદ માણ્યો.

તારીખ ૨૬ જાન્યુઆરી ૨૦૧૭, પ્રજાસત્તાક પર્વ પ્રસંગે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય સંતો તથા વાલીગણની ઉપસ્થિતિમાં ધ્વજ વંદન કાર્યક્રમ દરમિયાન બાળકો દ્વારા પિરામીડ, યોગ નિદર્શન, લેજીમ તથા સાંસ્કૃતિક કાર્યક્રમની રજુઆત.

તારીખ ૧૯-૨૦ ફેબ્રુઆરી ૨૦૧૬, પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે બાળકોની સર્જનશક્તિમાં વૃદ્ધિ થાય તેવા હેતુથી દીકરી વહાલનો દરિયો, પર્યાવરણ જાગૃતિ, ખેતીવાડી સંબંધિત, આહાર જાગૃતિ, સરકારી યોજનાઓ વગેરે વિષયો ઉપર વિશાળ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વાર્ષિકોત્સવ

તારીખ ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૬, પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે દરેક દીકરા-દીકરીઓને સ્ટેજ મળે તથા બાળકોની ભીતર રહેલી સુષુપ્ત શક્તિ પ્રગટ થાય તેવા હેતુથી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું. જેમાં શાળાના બધા જ બાળકો જોડાયા હતા.

પ્રમાણપત્ર વિતરણ

સંપૂર્ણ વર્ષ દરમિયાન અભ્યાસની સાથે અનેકવિધ પ્રવૃત્તિમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર દીકરા-દીકરીઓએ સંતો તથા સાંખ્યયોગી બહેનોના હસ્તે આશીર્વાદ સાથે ઇનામ પ્રાપ્ત કર્યા હતા.

હસ્તલિખિત અંક

બાલ સર્જકોની કલા અને કલમ વડે કંડારાયેલ કૃતિ "હસ્તલિખિત અંક"નું વિમોચન કરતા પૂજ્ય સંતો.



પોંકિયા દૃષ્ટિ — ચક્ર ફેક સ્પર્ધા
પરમાર વિભૂતિ — ૪૦૦ મીટર દોડ
કિડેચા રાકેશ — ઊંચી કૂદ

રમતોત્સવ

તારીખ ૧૨ જાન્યુઆરી,૨૦૧૭ દરમિયાન બાળકોના માનસિક, બૌદ્ધિક અને શારીરિક વિકાસની વૃદ્ધિ માટે યોજાયેલા રમતોત્સવમાં ૪૭૫ જેટલા બાળકોએ ભાગ લીધો અને અનેક રમતો રમ્યા.

[illegible] શિબિર

તારીખ ૨૦ જાન્યુઆરી, ૨૦૧૭ દરમિયાન શિક્ષણની સાથે સંસ્કાર પ્રાપ્ત થાય તેવા હેતુથી સત્સંગ શિબિરનું આયોજન થયું. જેમાં શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતસ્વામીએ વિવિધ પ્રવૃત્તિ તથા ઓડીયોવિડીયો પ્રેઝન્ટેશન દ્વારા બાળકોમાં સંસ્કારોનું સિંચન કર્યું.

શિક્ષક ગણ

સંતોના માર્ગદર્શન અને આશીર્વાદ સાથે વિદ્યાલયના આચાર્ય શ્રી મહેશભાઈ જોશી તથા શિક્ષકોની ટીમ સમર્પણ ભાવથી બાળકોમાં વિદ્યા સાથે સંસ્કારનું સિંચન કરી રહી છે.

ADMISSION OPEN

ગુજરાતી માધ્યમ
ધોરણ ૧ થી ૯ અને ધોરણ ૧૧



અમારી શાળાનું લક્ષ્ય

- વિદ્યાર્થીઓ વિદ્યાથી બ્રહ્મવિદ્યા સુધીની સફર ખેડી ઉમદા વ્યક્તિ તથા આદર્શ નાગરિક બને અને તંદુરસ્ત સમાજનું નિર્માણ કરે...
- વિદ્યાર્થીઓની સુષુપ્ત ચેતના પ્રજ્વલિત થાય, સમાજને સાચા માર્ગદર્શક પ્રાપ્ત થાય, વૈશ્વિક પડકારોને ઝીલી શકવાની શક્તિ મળે, રાષ્ટ્ર નિર્માણ માટે સમર્પણ ભાવનાનો વિકાસ થાય. મૂલ્યનિષ્ઠ ચારિત્ર, બુદ્ધિચાતુર્ય અને સ્વતંત્ર વિચારધારા દ્વારા સત્ય-અસત્યનો ભેદ પારખવાની દૃષ્ટિ વિકસે તેવી ઊચ્ચ શિક્ષણ વ્યવસ્થા આપવી.
- ભવિષ્યના ભારતના નિર્માણમાં જેનો મહત્ત્વનો ફાળો છે એવા આજના વિદ્યાર્થીઓ શિક્ષિત બનવાની સાથે સાથે; ધર્માભિમુખ બને, કુટુંબ કલ્યાણ, સમાજસેવાના પાઠો ભણી રાષ્ટ્રભાવનાને ઉજાગર કરે. દીકરીઓ સંસ્કાર સાથે શિક્ષણ પ્રાપ્ત કરી ભવિષ્યની પેઢીમાં સંસ્કારોનો પાયો મજબુત કરે એ જ અમારું લક્ષ્ય....

- કુમાર અને કન્યાઓ માટે અભ્યાસની અલગ વ્યવસ્થા
- ગુજરાતી માધ્યમમાં ઉત્તમ અંગ્રેજી શિક્ષણ
- સ્માર્ટ ક્લાસની સુવિધા
- સામાહિક પરીક્ષાનું નિયમિત આયોજન
- ધાર્મિક અને પ્રાકૃતિક વાતાવરણ
- અદ્યતન કોમ્પ્યૂટર લેબ
- વિશાળ લાયબ્રેરી તથા પ્રયોગશાળા
- બસ સુવિધા
- સ્પોર્ટસ માટે રમત-ગમતનાં મેદાનો
- સંતો દ્વારા સતત માર્ગદર્શન અને સંસ્કાર સિંચન
- ઉચ્ચતમ શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુભવી વિષય નિષ્ણાંત શિક્ષકો.
- વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક જીવનનાં દરેક પાસાઓનું ઉત્તમ ઘડતર.

માટે જ ઉત્તમથી સર્વોત્તમ શિક્ષણ સંસ્થા એટલે
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-દ્રોણેશ્વર.
જ્યાં ચાલક-બાલક-પાલક અને સંચાલકનો સંગમ રહેશે.

અમારી શાળાનાં અનોખા મૂલ્યો...



શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી શિવજીભાઇ વાઘજીભાઇ :- બોલ્ટન નિવાસી પ.ભ. શ્રી શિવજીભાઈ ૭૫ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. શિવજીભાઈએ શ્રી કચ્છી લેવા પટેલ સમાજની વર્ષો સુધી ખૂબ જ સેવાઓ કરી હતી. એમને ગુરુકુલ અને સંતો પ્રત્યે ખૂબ આદર હતો. શિવજીભાઈ મહારાજનું અખંડ સુખ પ્રાપ્ત કરે તથા તેમના પરિવારજનો શ્રી કિશોરભાઈ વગેરેને ધીરજ અર્પે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

અ.નિ. શ્રી હરિકૃષ્ણભાઇ રવજીભાઇ ઘાડીયા :- રાજકોટ નિવાસી તથા ગુરુકુલના ભૂતપૂર્વ આચાર્યના સુપુત્ર શ્રી હરિકૃષ્ણભાઈ ઘાડીયા ૮ માર્ચના રોજ ૬૩ વર્ષની ઉંમરે અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર હરિકૃષ્ણભાઈ ખૂબ જ પ્રામાણીકતાથી પોતાના સી.એ.ના વ્યસાયમાં જોડાયા હતા. હરિકૃષ્ણભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા રાહુલભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ભુરાભાઇ રણછોડભાઇ ગજેરા :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી ભુરાભાઈ ગજેરા ૯ એપ્રિલના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા ગુરુકુલ સાથે હેતવાળો આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ ભુરાભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા મનસુખભાઈ, વિઠ્ઠલભાઈ, પ્રકાશભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રામજીભાઇ રત્નાભાઇ વરસાણી :- ગામ વેકરા હાલ નાઇરોબી નિવાસી તથા ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા પ.ભ. શ્રી રામજીભાઈ રત્ના ૨ એપ્રિલના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. રામજીભાઈ તથા એમનો પરિવારનું સમર્પણ સત્સંગમાં ખૂબ જ રહ્યું છે. સંતો તથા શ્રીહરિમાં હેતવાળા રામજીભાઈના અક્ષરવાસથી સારાએ સત્સંગને ખૂબ મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ રામજીભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા પ્રવીણભાઈ, દિલીપભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મોહનભાઇ છગનભાઇ સાંગાણી :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી મોહનભાઈ સાંગાણી ૧૩ એપ્રિલના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર વર્ષોથી ગુરુકુલ સાથે જોડાઈ સેવા-ભજન કરી રહ્યો છે. ભગવાન શ્રીહરિ મોહનભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા જયસુખભાઈ, વિનુભાઈ, અલ્કેશભાઈ, પુરુષોત્તમભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નારણભાઇ રામજીભાઇ રાઘવાણી :- ગામ બળદીયા નિવાસી તથા ભગવાન શ્રી સ્વામિનારાયણને વિશે દૃઢ નિષ્ઠાવાન શ્રી નારણભાઈ ૯૪ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ પરિવારની ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓમાં ખૂબ મોટુ યોગદાન રહેલું છે. નારણભાઈના આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા કાનજીભાઈ, નાનજીભાઈ, જાદવભાઈ, મનસુખભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી માવજીભાઇ પરષોત્તમભાઇ સતાણી:- ગામ પાનસડા નિવાસી પ.ભ. શ્રી માવજીભાઈ સતાણી ૨૮ માર્ચના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ તથા ગુરુકુલ સાથે હેતવાળો આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. આ પરિવારના નિતીનભાઈ પર્થ ખાતે રહી ભજન-સ્મરણ કરે છે. ભગવાન શ્રીહરિ માવજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા જયંતિભાઈ, કિશોરભાઈ, મનોજભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી હિંમતભાઇ બાબુભાઇ રંગાણી :- ગામ મોટા સમઢીયાળા નિવાસી તથા ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા પ.ભ. શ્રી હિંમતભાઈ રંગાણી ૧૭ ફેબ્રુઆરીના રોજ ૬૦ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. હિંમતભાઈ તથા એમનો પરિવારનું સમર્પણ સત્સંગમાં ખૂબ જ રહ્યું છે. ભગવાન શ્રીહરિ હિંમતના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા મહેશભાઈ, ઘનશ્યામભાઈ, જીતેન્દ્રભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી છગનભાઇ મોહનભાઇ ડોબરીયા :- ગામ રબારીકા નિવાસી પ.ભ. શ્રી છગનભાઈ ડોબરીયા ૨૨ માર્ચના રોજ ૮૭ વર્ષની ઉંમરે ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ છગનભાઈના આત્માને પોતાની મૂર્તિનું સુખ આપે તથા દેવશીભાઈ, જયસુખભાઈ, અંકિત વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શાંતાબા હીરાભાઇ પટેલ :- ત્રિવેન્દ્રમ્ નિવાસી શ્રી શાંતાબા હીરાભાઈ પટેલ ૮૧ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા શાંતાબાના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા અરૂણભાઈ, ભગવાનદાસ, મુકેશભાઈ, જીતુભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સાકરબા મનુભાઇ શેલડીયા :- ગામ રૂગનાથપુર નિવાસી શ્રી સાકરબા મનુભાઈ શેલડીયા ૭૨ વર્ષની ઉંમરે શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. ભગવાનમાં અતિ હેતવાળા સાકરબાના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું સુખ આપે તથા મનુભાઈ, જયસુખભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

સત્સંગ વિચરણ આફ્રિકા

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના દિવ્ય સંદેશાઓના પ્રચાર-પ્રસાર અર્થે સંતો સતત વિચરણ કરતા રહે છે, ત્યારે પરમ પૂજ્ય સ્વામીજીની આજ્ઞાથી પૂજ્ય ધર્મપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય વેદાંતસ્વરૂપદાસજી સ્વામી તથા પૂજ્ય નારાયણચરણદાસજી સ્વામી આફ્રિકાની સત્સંગ યાત્રાએ પધાર્યા છે. આ વિચરણ દરમિયાન નાઇરોબી ખાતે શ્રી કચ્છી લેવા પટેલ સમાજના વિશાળ હોલમાં સત્સંગ સભાનું આયોજન થયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો પધાર્યા હતા. આ ઉપરાંત સત્સંગ વિચરણ દરમિયાન આફ્રિકાના વિવિધ દેશોમાં સંતો વિચરણ કરશે.

સત્સંગ વિચરણ અમેરિકા

રામનવમી મહોત્સવ :- અમેરીકા, શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાના ખાતે રામનવમીનો ઉત્સવ ખૂબ જ ભવ્યતાથી ઉજવાયો. રામનવમીના પાવન પ્રસંગે સર્વે ભાવિક ભક્તજનોના હૃદયમાં રામકથા શ્રવણ કરવાની અદમ્ય ઇચ્છા હતી, જેથી ચૈત્ર મહિનાના પવિત્ર દિવસોમાં તેમજ રામનવમીના પવિત્ર પ્રસંગે શ્રી રામચરિતમાનસની પાવનકારી કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ પ્રસંગે શાસ્ત્રી શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી રામ કથાનું મંગલ શ્રવણ કરાવ્યું હતું. કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ સૌ ભાવિક ભક્તજનોને ટેલીફોનિક આશીર્વાદ પાઠવ્યા હતા. આ મહોત્સવ પ્રસંગે શાસ્ત્રી શ્રી કુંજવિહારીદાસજી સ્વામીએ ખૂબ જ ઉત્સાહભેર તૈયારી કરાવી હતી અને સ્વયંસેવક ભાઈ-બહેનોએ પ્રેમથી બધી જ તૈયારીઓ કરી હતી. આ કથામાં સવાના તથા આજુ-બાજુના અનેક વિસ્તારોમાંથી ભાવિક ભક્તજનો કથા શ્રવણ કરવા માટે એકત્રિત થયા હતા.

હનુમાન જયંતી :- હનુમાન જયંતીના પાવન પ્રસંગે શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર ખાતે ખૂબ જ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિક ભક્તજનોએ હનુમંત પૂજન, મારૂતિ યજ્ઞ તથા સુંદરકાંડ પારાયણનો ભક્તિભાવથી લાભ લીધો હતો. આ અવસરે સભામાં ઉપસ્થિત પૂજ્ય કુંજવિહારીદાસજી સ્વામીએ સુંદરકાંડ પારાયણની સુંદર વ્યવસ્થા ગોઠવી હતી તેમજ સૌ દર્શનાર્થી ભક્તજનોએ સુખડીનો પ્રસાદ તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો. પૂજ્ય ભક્તિવેદાંતદાસજી સ્વામીએ હનુમાનજી મહારાજના દિવ્ય ચરીત્રોનું શ્રવણ કરાવ્યું હતું. હનુમાનજી મહારાજના દિવ્ય સદ્‌ગુણોની કથા સાંભળીને સૌ ભક્તજનો પ્રસન્ન થયા હતા.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી ડૉ. રજનીભાઈ રાદડીયા,
પ.ભ. શ્રી ડૉ. પરાગભાઈ અરૂણભાઈ પંડ્યા, અમેરીકા
પ.ભ. શ્રી કશ્યપભાઈ ધામેચા
પ.ભ. શ્રી યશ તથા ચિંતન મધુસુદનભાઈ દવે, અમદાવાદ
પ.ભ. શ્રી કેવલભાઈ હાલાણી, મુબંભ
અ.નિ. શ્રી ભાર્ગવભાઈ જયસુખભાઈ બ્રહ્મભટ્ટ, ખંભાત

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી સુરેશભાઈ ભીખાભાઈ બાબરીયા, લંડન
પ.ભ. શ્રી રાજેશભાઈ ધ્રુવ, આણંદ
શ્રી વાલબાઈ શામજીભાઈ કેરાઈ, બળદીયા
શ્રી રામબાઈ શામજીભાઈ રાઘવાણી, બળદીયા
શ્રી કમલાબેન ઘનશ્યામભાઈ પટેલ, અસલાલી

આગામી આયોજન

તા. ૩૦ એપ્રિલથી ૪ મે, **મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ :** ગામ દુધાળા, તા. ધારી, જી. અમરેલી
તા. ૩ થી ૯/૫/૧૭ : **શ્રીમદ્ ભાગવત કથા :** ગામ વડવીયાળા, તા. ગીરગઢડા, જી. ગીર સોમનાથ
તા. ૪/૫/૧૭, **ગુરુવાર : શ્રીહરિ જયંતી :** નિલકંઠવર્ણી પયોભીષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૬/૫/૧૭, **શનિવાર :** મોહિની એકાદશી : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૭ થી ૧૭ મે : **બાલ શિબિર :** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, છારોડી
તા. ૨૨/૫/૧૭, **સોમવાર :** અપરા એકાદશી : રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ

YOG SHIBIR

SGVP GURUKUL

SHREE SWAMINARAYAN SANATAN TEMPLE

(Yoga, Education and Cultural Center)

Savannah, GA - USA

Hanuman jayanti



RAM KATHA



ભક્તિ સભર ઉજવાયેલ રામનવમીના પવિત્ર દિવસે શ્રી ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન, શ્રી નિલકંઠ પ્રભુનો પયોભિષેક, રામજન્મોત્સવ તેમજ રાત્રિના સમયે શ્રી ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યોત્સવમાં ઉપસ્થિત સંતો-ભક્તો, અમદાવાદ ગુરુકુલ

હનુમાન જયંતીના રોજ કષ્ટભંજન દેવને ધરાવેલ અન્નકૂટના દર્શન તથા મહાનિરાજનમાં ઉપસ્થિત સંતો-ભક્તો, દ્રોણેશ્વર ગુરુકુલ

પૂજ્ય સંતો સાથે સમાવર્તન સંસ્કાર પામી રહેલા કોલેજના વિદ્યાર્થીઓ, અમદાવાદ ગુરુકુલ

કેદારેશ્વર મહાદેવના સાનિધ્યમાં યોજાયેલ રામકથામાં ઉપસ્થિત વક્તાશ્રી પૂજ્ય સ્વામીજી, સંતો તથા ભક્તજનો- ફાટસર

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

GPL - 7 ના ઓપનીંગ સમારોહમાં ઉપસ્થિત પૂજ્ય સદ્‌ગુરુ સંતોની સાથે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, મુખ્યમંત્રીશ્રીના સુપુત્ર તથા ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ઋષભ રૂપાણી, ભાજપ યુવા મોરચાના પ્રમુખ શ્રી ઋત્વીજ પટેલ, શ્રી રવિભાઇ ત્રિવેદી. ગુજરાતની સૌથી મોટી આ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ૨૫૦ ટીમસ્ તથા ચાર હજારથી વધારે ખેલાડીઓ ભાગ લઇ રહ્યા છે.

અ.મુ. રમણકાકાની પવિત્ર સ્મૃતિમાં યોજાયેલ પંચ દિનાત્મક સ્મૃતિ મહોત્સવમાં ઉપસ્થિત આચાર્ય મહારાજશ્રી, વક્તા પૂજ્ય સ્વામીજી, અન્ય સંતો તથા મહોત્સવમાં ઉપસ્થિત ભક્તજનો, કાંદિવલી-મુંબઇ

Owner/Publisher & Printer: Balkrishnadasji Swami, Shri Swaminarayan Gurukul,Memnagar,Ahmedabad-380052.
Printed at Surya offset,Ambali,Ahmedabad-380058.Published at Shri Swaminarayan Gurukul,Memnagar,Ahmedabad.